અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/ ૨૭૧૫-૫૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૩/03/૨૦૨૧

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ.
ગુજરાત રાજ્ય.

વિષય:- 'હોમ લર્નિંગ' અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સ્ટડી મટીરિયલ પહોંચાડવા બાબત.

સંદર્ભ:- ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૦૫/૦૬/૨૦૨૦
૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૫૨૦-૫૫, તા.૦૨/૦૬/૨૦૨૦
૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૭૪૯-૮૨, તા.૧૭/૦૬/૨૦૨૦
૪. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૭૮૩-૧૮૧૬, તા.૧૭/૦૬/૨૦૨૦
૫. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૮૨૫-૫૯, તા.૧૮/૦૬/૨૦૨૦
૬. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૯૧૫-૪૮, તા.૨૬/૦૬/૨૦૨૦
૭. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૮૯૩-૧૯૨૭, તા.૦૧/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-૧ દર્શિત શિક્ષણ વિભાગના તા.૦૫/૦૬/૨૦૨૦ ના ઠરાવથી હાલની COVID-19ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસ માટે માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા 'હોમ લર્નિંગ' કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવ અત્રેથી તા.૦૬/૦૬/૨૦૨૦ ના રોજ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે. અત્રેના સંદર્ભ-૨ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨ નું સ્ટડી મટીરિયલ જિલ્લાકક્ષાએ તૈયાર કરી શાળાઓ અને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવેલ છે. અત્રેના સંદર્ભ-3 દર્શિત પત્રથી હાલની કોવિડ-19ની પરિસ્થિતિમાં 'હોમ લર્નિંગ' કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. સંદર્ભ-૪ દર્શિત પત્રથી 'હોમ લર્નિંગ' કાર્યક્રમ અંતર્ગત સ્ટડી મટીરિયલ તૈયાર કરાવવા અંગેની કામગીરી તેમજ તમામ શાળાઓ સુધી આ સ્ટડી મટીરિયલ પહોંચાડવાની કામગીરી વ્યવસ્થિત રીતે થાય તે માટે આપની કચેરી ખાતે ફરજ બજાવતા શિક્ષણ નિરીક્ષક (વર્ગ-૨)ને નોડલ ઓફિસરને નિયુક્ત કરી અત્રે જાણ કરવા માટે જણાવેલ છે. અત્રેના સંદર્ભ-૫ દર્શિત પત્રથી દૂરદર્શન 'ડી.ડી. ગિરનાર' ચેનલ પર તા.૧૫/૦૬/૨૦૨૦ થી શરૂ થયેલ ધોરણ-૯ થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનો લાભ વિદ્યાર્થીઓ મેળવે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવેલ છે. અત્રેના સંદર્ભ-૬ દર્શિત પત્રથી 'હોમ લર્નિંગ' કાર્યક્રમના અસરકારક અમલીકરણ અને મોનિટરીંગ માટે જરૂરી કાર્યવાહી કરવા માટે પુનઃ જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત, 'હોમ લર્નિંગ' કાર્યક્રમનું અમલીકરણ સારી રીતે થઇ શકે તે હેતુથી ધોરણ-૯ થી ૧૨ ના વિષયોના પાઠયપુસ્તકોના પ્રકરણોનું માસવાર આયોજન અત્રેના સંદર્ભ-૭ દર્શિત પત્રથી મોકલી આપવામાં આવેલ છે.

અત્રેની કચેરીના વખતોવખતના પત્રોથી જે-તે માસનું સ્ટડી મટીરિયલ તૈયાર કરીને તમામ જિલ્લાઓને તથા બોર્ડને મોકલવા અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ હતું. આ સ્ટડી મટીરિયલ આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઈ-મેઈલ દ્વારા મોકલી આપવા જણાવેલ હતુ. શાળાઓ દ્વારા આ સ્ટડી મટીરીયલની સોફ્ટ કોપી/હાર્ડકોપી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે તેમજ જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ હતુ. આપના દ્વારા ઉપરોક્ત કાર્યવાહી કરવામાં આવેલ હશે. અત્રેના સંદર્ભ-૨ દર્શિત પત્રમાં જણાવેલ ઝોન પ્રમાણે એપ્રિલ-મે માસ માટે ધોરણવાઈઝ જુદા જુદા વિષયોનું પુનરાવર્તન થાય તે પ્રકારનું સ્ટડી મટીરિયલ તજજ્ઞો દ્વારા તા.૩૦/૦૩/૨૦૨૧ સુધીમાં તૈયાર કરાવવા અંગેની કાર્યવાહી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા પૂર્ણ કરવાની રહેશે. આ સ્ટડી મટીરિયલની સોફ્ટ કોપી તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને sansodhan.gseb@gmail.com પર ઈ-મેઈલથી મોકલી આપવાની રહેશે. પ્રત્યેક જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા તેઓના તાબાની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઇડ તેમજ સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સુધી ધોરણ-૯ થી ૧૨ ના સ્ટડી મટીરિયલની સોફ્ટકોપી તા.૦૧/૦૪/૨૦૨૧ સુધીમાં પહોંચાડવાની રહેશે. તમામ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ સુધી આ સ્ટડી મટીરિયલની સોફ્ટ કોપી/હાર્ડકોપી પહોંચાડવામાં આવે તે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે. આ કામગીરી દરમ્યાન સરકારશ્રીની કોવિડ-19 સંદર્ભેની ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

કોવિડ-19ની સાંપ્રત પરિસ્થિતિમાં 'હોમ લર્નિંગ' અંતર્ગત વિદ્યાર્થીઓ આ સ્ટડી મટીરિયલ ઉપરાંત 'વંદે ગુજરાત' ચેનલ તેમજ દૂરદર્શન ડી.ડી.ગિરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો તેમજ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' પર ઉપલબ્ધ ધોરણ-૯ થી ૧૨ ના શૈક્ષણિક કાર્યક્રમોનો મહત્તમ લાભ મેળવે તેમજ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે રાજ્યના જે વિસ્તારોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ચાલુ રાખવામાં આવેલ હોય ત્યાં ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણ માટે વાલીની સંમતિ સાથે શાળામાં આવે તે માટે વિદ્યાર્થીઓને જરૂરી જાણકારી અને માર્ગદર્શન શાળાઓ દ્વારા આપવામાં આવે તે માટે આપના તાબાની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઇડ તેમજ સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી સૂચના આપશો. આપના દ્વારા આ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની અત્રે જાણ કરશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.
તા. ૨૩/૩/૨૧

જા. નં. /મા-૧/2021/5002
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
પહેલો માળ, અઠવાલાઈન્સ, સુરત.
23/03/2021

નકલ સવિનય રવાના :

- માન. અધ્યક્ષશ્રી. ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ. ગાંધીનગર.

પ્રતિ
આચાર્યશ્રી
તમામ - જિ. સુરત
- આગતવા
અમલાર્થે

E:\HK-15\Study Material\પત્ર હોમ લર્નિંગ તા.23-03-2021.docx

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.